

॥ જય આશાપુરા મા કચ્છ-ભુજ ॥

Title-Code:-GUJGUJ18109

www.gujarataatmiyata.in
E-mail :gujarataatmiyata@gmail.com

# ગુજરાત આત્મીયતા

GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

તંત્રી- હિમાંશુ કે. ઠાકોર

Mo- 9016924808

સહતંત્રી-હિમાબેન એચ. ઠાકોર

YEAR-02, ISSUE- 47,(SURAT), DATE-14/05/2025, WEDNESDAY, EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR, Off- LIMDA FALIYA, VTC. PALI,PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ,SURAT. GUJARAT-394310, PAGE-04, PRICE-02/-

વર્ષ-૦૨, અંક-૪૭, (સુરત), તા.૧૪/૦૫/૨૦૨૫ બુધવાર તંત્રી- હિમાંશુભાઈ કાંતિલાલ ઠાકોર, ઓફીસ-લિમડા ફલિયા, વી.ટી.સી.પાલી., પોસ્ટ-હલધરૂ. સબ ડિસ્ટ્રીકટ-કામરેજ, સુરત. પાના-૦૪ કિંમત ૦૨/- રૂ.



2 ભારત અને પાકિસ્તાનના સંઘર્ષ વચ્ચે બીએસએફના સબ ઈન્સપેક્ટર શહીદ

3 સિવિલ ડિફેન્સને મજબૂત બનાવવા પ્રયાસ:નાગરિક સંરક્ષણ દળમાં માનદસેવા આપવા માંગતા નાગરિકોને સ્વયંભૂ દળમાં જોડાવવા અપીલ

4 બારડોલી પોલીસની મોટી કાર્યવાહી:મહાવીરનગર સોસાયટીમાં જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા, ૮.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત


## ભારતે પાકિસ્તાનની છાતી પર હુમલો કર્યો, હવે POK પર જ વાત થશે: PM મોદી

ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ અને ૭ મે થી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે દેશને સંબંધોન કર્યું હતું. આ દરમિયાન તેમણે ભારતીય સેનાએ પાકિસ્તાનને આપેલા જડબાતોડ જવાબ, ઓપરેશન સિંદૂરની સફળતા અને પીઓકે પર વાત કહી હતી. આ દરમિયાન તેમણે સ્પષ્ટ ચેતવણી આપતા કહ્યું કે, હવે પાકિસ્તાન સાથે માત્ર આતંકવાદ અને પીઓકે પર જ વાત થશે.



વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૧તાજેતરમાં જ દેશનું સામાર્થ્ય અને સંયન બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વિરતા દેખાડી. આતંકવાદી હુમલા બાદ આતંકવાદ વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા માટે તમામ નાગરિકો, તમામ વર્ગો અને તમામ રાજકીય પક્ષો એક સ્વરે ઉભા થયા. અમે ભારતીય સેનાને આતંકવાદીઓ વિરુદ્ધ આકરી કાર્યવાહી કરવા માટે તમામ ખુલ્લી છૂટ આપી દીધી. વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ૧ઓપરેશન સિંદૂરને ભારતની તમામ દિકરીઓ, બહેનો અને માતા નામે પાર પડાયું. પહલગામમાં રજાઓ માણી રહેલા દેશવાસીઓને ધર્મ પૂછીને મારવામાં આવ્યા, જે દેશને તોડવાનો નિંદનીય પ્રયાસ હતો. ભારતની સેનાઓએ પાકિસ્તાનમાં આતંકવાદીઓના ઠેકાણાઓ અને ટ્રેનિંગ સેન્ટરો પર ચોક્કસ પ્રહાર કર્યા છે. આતંકવાદીઓએ સપનામાં પણ વિચાર્યું નહીં હોય કે, ભારત આટલો મોટો નિર્ણય લેશે. જ્યારે દેશ એક થાય છે, દેશ પહેલાની ભાવના ઉભી થાય છે અને રાષ્ટ્ર સર્વોપરી થાય છે, ત્યારે કડક નિર્ણયો લેવામાં આવે છે અને પરિણામ પણ દેખાડવામાં આવે છે.

તેમણે કહ્યું કે, ઓપરેશન સિંદૂર ન્યાયનો અખંડ સંકલ્પ છે. આતંકવાદીઓ અને તેમના આકાઓએ સિંદૂરને દૂર કરવાની કિંમત સમજી લીધી છે. ભારતીય દળોએ પાકિસ્તાનમાં આતંકવાદી છાવણીઓ અને તેમના તાલીમ કેન્દ્રો પર ચોક્કસ હુમલો કર્યો છે. આતંકવાદીઓએ સ્વપ્નમાં પણ કલ્પના કરી ન હતી કે ભારત આટલો મોટો નિર્ણય લઈ શકે છે. દુનિયામાં જ્યાં પણ મોટા હુમલા થયા છે, તે બધા પાકિસ્તાનમાં આતંકવાદી ઠેકાણાઓ સાથે જોડાયેલા છે. બહાવલપુર અને મુરીદકે વૈશ્વિક આતંકવાદની યુનિવર્સિટીઓ રહી છે.

## મોટા વિનાશનું કારણ બન્યું હોત ભારત-પાક યુદ્ધ: સીઝફાયર બાદ ટ્રમ્પનું બીજું નિવેદન

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા સીઝફાયરને લઈને બંને દેશોની 'સાહસિક અને નિર્ણાયક' ભૂમિકાના વખાણ કર્યા છે. સોશિયલ મડિયા પર કરવામાં આવેલી એક પોસ્ટમાં ટ્રમ્પે આ પગલાંને ઐતિહાસિક ગણાવ્યો છે.

ટ્રમ્પે કહ્યું કે, 'આ યુદ્ધ મોટા વિનાશનું કારણ બની શકતું હતું અને લાખો નિર્દોષ લોકોના મોત થઈ શકતાં હતાં. મને ભારત અને પાકિસ્તાનના મજબૂત નેતૃત્વ પર ગર્વ છે. તેમણે સમયસર સમજી લીધું કે, સંઘર્ષ રોકવો જરૂરી હતો, જેનાથી લાખો નિર્દોષ લોકોનો જીવ બચાવી શકાય. આ નિર્ણય ન ફક્ત બહાદુરીભર્યો હતો પરંતુ, બંને દેશોના વારસાને વધુ ગૌરવશાળી બનાવનારો છે.'



ટ્રમ્પે પોતાની પોસ્ટમાં કહ્યું કે, 'જો ભારત અને પાકિસ્તાન ઇચ્છે તો અમે સાથે મળીને કાશ્મીર મુદ્દે લાંબાગાળાનું સમાધાન શોધવાનો પ્રયાસ કરીશું. કદાચ ૧૦૦૦ વર્ષ બાદ હવે સમય આવી ગયો છે કે, આપણે આ ઐતિહાસિક વિવાદનું સમાધાન શોધીએ.' જોકે, ટ્રમ્પ એ ભૂલી ગયા છે કે, કાશ્મીરને લઈને ભારતની સ્પષ્ટ નીતિ છે કે, આ ભારતનો આંતરિક મામલો છે.

આ સિવાય ડોનાલ્ડ ટ્રમ્પે એવી પણ જાહેરાત કરી કે, અમેરિકા હવે ભારત અને પાકિસ્તાન બંને સાથે વ્યાપારિક સંબંધોને મહત્ત્વપૂર્ણ રૂપે આગળ વધારશે. જો કે, આ વિશે કોઈ ઓપચારિક ચર્ચા નથી થઈ

## કાશ્મીરમાં પહલગામ હુમલાના આતંકવાદીઓના પોસ્ટર જાહેર, બાતમી આપનારા માટે ૨૦ લાખનું ઈનામ



જમ્મુ-કાશ્મીરના પહલગામમાં બૈસરન ખીણમાં આતંકી હુમલામાં નિર્દોષ ૨૬ લોકોના જીવ લેનારા આતંકવાદીઓ ૨૦ દિવસ બાદ પણ પકડાયા નથી. તેમની ધરપકડ કરવા પોલીસે અને સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા છે. તેમજ તેની બાતમી આપનારા માટે રૂ. ૨૦ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોની ટીમે મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરી હુમલાખોર આતંકવાદીઓની ધરપકડ કરવાની આકરી કવાયત હાથ ધરી છે. તેમ છતાં તેઓ હજુ સુધી પકડ્યા નથી.

પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ બૈસરન ખીણમાં પર્યટકો પર અંધાધૂધ ગોળીબાર કરી ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ૨૬ નિર્દોષની તેમના જ પરિવારની સામે હત્યા કરી હતી. આ ઘટનાથી ભારત સહિત વિશ્વમાં ખળભળાટ મચ્યો હતો. આતંકવાદને વર્ષોથી પોષનારૂ અને સમર્થક પાકિસ્તાનની ભારે ટીકાઓ થઈ હતી. ભારતીય સેનાની ત્રણેય પાંખોએ આ હુમલાનો બદલો લેવા ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જેમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણા નષ્ટ કર્યા હતાં. જેમાં ૧૦૦ જેટલા આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. ભારતીય સેના દ્વારા ૭ મેના રોજ આતંકવાદનો સફાયો કરવા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. ૭થી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ બાદ સીઝફાયર પર સહમતિ આપવામાં આવી હતી. આ સીઝફાયર બાદ ગઈકાલે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કર્યુંહતું. જેમાં વડાપ્રધાન મોદીએ કહ્યુંકે, પહલગામ આતંકી હુમલામાં ભારતીય મહિલાઓના સિંદૂર ઉઝાડનારાઓને સજા આપવાના ભાગરૂપે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું હતું. જ્યારે જ્યારે આતંકવાદીઓ વિરુદ્ધ કાર્યવાહીની જરૂર પડી ત્યારે ઓપરેશન સિંદૂર હાથ ધરાશે. આગળ કહ્યું કે, તાજેતરમાં જ દેશનું સામાર્થ્ય અને સંયન બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વીરતાને બીરદાવું છું.

## વડાપ્રધાન મોદીએ આદમપુર એરબેઝ પર સેનાના જવાનો સાથે કરી મુલાકાત

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગઈકાલે રાષ્ટ્રજોગ સંબોધન આપ્યા બાદ આજે પંજાબના આદમપુર એરબેઝ પહોંચ્યા છે. જ્યાં તેઓએ સેનાના જવાનોની મુલાકાત લીધી છે. આજે વહેલી સવારે વડાપ્રધાન મોદી આદમપુર એરબેઝ પહોંચ્યા હતાં. જ્યાં વાયુ સેનાના બહાદુર જવાનો સાથે વાતચીત કરી હતી. વાયુસેનાના જવાનો સાથે વડાપ્રધાન મોદી હળવાશની પળોમાં જોવા મળ્યા હતા. જવાનોએ તેમને વર્તમાન પરિસ્થિતિ અંગે માહિતી આપી હતી. જેમાં વડાપ્રધાન મોદીની એક તસવીર વાયરલ થઈ છે. તસવીરમાં વડાપ્રધાન મોદી વાયુસેનાના વિમાનના ફોટો આગળ ઊભા છે. આ વિમાનની ઉપર એક સ્લોગન લખ્યું છે કે,



દુશ્મનોના પાયલોટ કેમ આરામથી ઊંઘી શકતા નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આદમપુર એરબેઝની મુલાકાત લઈ પાકિસ્તાનના દાવાને પોકળ કર્યો છે. પાકિસ્તાને દાવો કર્યો હતો કે, તેણે હુમલો કરી ભારતના આદમપુર એર ડિફેન્સ યુનિટને નષ્ટ કરી છે. આ આદમપુર એરબેઝ પર આજે વડાપ્રધાનમોદીનું વીવીઆઈપી વિમાને સફળતાપૂર્વક લેન્ડિંગ કરી પાકિસ્તાનના દાવાને ખોટો પાડ્યો છે. ગઈકાલે વડાપ્રધાન મોદીએ દેશવાસીઓને સંબોધિત કરતાં સેનાના સાહસના વખાણ કર્યા હતાં. તેમજ તેમના સન્માન માટે દેશભરમાં તિરંગાયાત્રા યોજવાની જાહેરાત કરી હતી.

પહલગામ આતંકી હુમલા બાદ ભારતીય સેના દ્વારા ઓપરેશન સિંદૂર હાથ ધરી ૧૦૦ જેટલા આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો. જેની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાનની સેનાએ ભારત પર મિસાઈલ અને ડ્રોન વડે હુમલાઓ કર્યા હતાં. પરંતુ ભારતીય સેનાએ તમામ હુમલાઓને નિષ્ફળ બનાવ્યા હતાં. ડીજીએમઓએ ગઈકાલે આપેલી માહિતી અનુસાર, પાકિસ્તાન દ્વારા છોડવામાં આવેલી ચીનની મિસાઈલ પીએલ-૧૫ અને તુર્કીયેના ડ્રોન તોડી પાડવામાં આવ્યા હતાં. તેમજ અન્ય નાના-મોટા ડ્રોન હુમલાને પણ નિષ્ફળ બનાવવામાં આવ્યા હતાં.

## ભય બિન હોય ન પ્રીત-




'અમે આગામી મિશન માટે તૈયાર છીએ'

ઓપરેશન સિંદૂરમાં બીએસએફનું મહત્વપૂર્ણ યોગદાન

આપણા તમામ એરબેઝ ઓપરેશનલ છે. આપણા એરફિલ્ડ સંપૂર્ણ રીતે સુરક્ષિત દુશ્મન આપણા વોરશિપ સુધી પહોંચી શક્યા નહી. લેયર ગ્રિડ સિસ્ટમે દરેક હુમલાને નાકામ કર્યા. ચીનની PL-૧૫ મિસાઇલ અમે તોડી પાડી ઇન્ટીગ્રેટેડ એર ડિફેન્સને તોડવી અસંભવ

## પલસાણાના ગંગાધરા ગામમાં મહિલા સરપંચનું સાહસિક પગલું: પંચાયત સભ્યની હત્યા બાદ પોલીસ બંદોબસ્ત સાથે અસામાજિક તત્વોએ કરેલા દબાણો હટાવ્યા

બારડોલી- સુરત જિલ્લાના પલસાણા તાલુકાના ગંગાધરા ગામમાં મહિલા સરપંચે અસામાજિક તત્વો સામે કડક કાર્યવાહી કરી છે. ગામમાં થોડા સમય પહેલા ગ્રામ પંચાયતના સભ્ય હસમુખભાઈની હત્યા થઈ હતી. આ ઘટના ટ્રેક્ટર ધીમું ચલાવવાની સામાન્ય બાબતે થયેલા વિવાદમાંથી સર્જાઈ હતી. રાહુલ મારુ નામના યુવક અને તેના ૧૦-૧૨ સાથીઓએ લાકડી અને પાઈપ જેવા હથિયારો સાથે હસમુખભાઈ અને તેમના પરિવાર પર હુમલો કર્યો હતો. આ હુમલામાં હસમુખભાઈનું મૃત્યુ થયું હતું. પોલીસે આ કેસમાં સાતથી વધુ લોકોની ધરપકડ કરી હતી.

ત્યારબાદ આરોપીઓએ ગામમાં જાહેર રસ્તાઓ અને ગટરો પર દબાણો કર્યા હતા. તેમણે દબાણ કરીને ગામની જમીન પર ઢોરના તબેલા અને ઉકરડા બનાવી દીધા હતા. મહિલા સરપંચ કશીશ કુરેશીએ આ દબાણો સામે કડક વલણ અપનાવ્યું છે. તેમણે જણાવ્યું કે ભલે તેમની હત્યા થાય, પરંતુ તેઓ અસામાજિક તત્વો સામે



ઝૂકશે નહી. આજે મહિલા સરપંચે પોલીસ બંદોબસ્ત અને ઉંઈઇ સાથે સ્થળ પર પહોંચી દબાણો દૂર કરાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે ગામમાં કોઈપણ પ્રકારના ગેરકાયદે દબાણો ચલાવી લેવામાં નહી આવે અને અસામાજિક તત્વો સામે કાયદેસર લડત આપવામાં આવશે.







Date-14/05/2025 Wednesday

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

# ભારત અને પાકિસ્તાનના સંઘર્ષ વચ્ચે બીએસએફના સબ ઈન્સપેક્ટર શહીદ

ભારત-પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા સંઘર્ષમાં ક્રોસ બોર્ડર ફાયરિંગમાં બીએસએફના એક જવાન શહીદ થયા છે. જમ્મુના આરએસ પુરા વિસ્તારમાં આંતરરાષ્ટ્રીય સરહદ પર પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ગઈકાલે ૧૦ મેના રોજ બીએસએફ સબ ઇન્સ્પેક્ટર મોહમ્મદ ઇમ્તિયાઝ શહીદ થયા છે. આજે ૧૧ મેના રોજ તેમને જમ્મુના પલૌરા ખાતે ફ્રન્ટિયર હેડક્વાર્ટર પર પુષ્પાંજલિ સાથે રાષ્ટ્રીય સન્માન આપવામાં આવશે.



બીએસએફ જમ્મુએ આ અંગે માહિતી આપતાં ટ્વિટ કર્યું હતું કે, શહીદ મોહમ્મદ ઈમ્તિયાઝના આ સર્વોચ્ચ બલિદાનનું અમે સન્માન કરીએ છીએ. અમે તેમના પરિવારના આ મુશ્કેલ સમયમાં તેમની સાથે જ છીએ. ૧૧ મેના રોજ ફ્રન્ટિયર હેડક્વાર્ટર જમ્મુ, પલૌરા ખાતે સંપૂર્ણ સન્માન સાથે પુષ્પાંજલિ અર્પણ સમારોહ યોજાશે.

પહલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલી તંગદિલી બાદ સંઘર્ષ વધ્યું હતું. બંને દેશો વચ્ચે ગોળીબાર અને લશ્કરી કાર્યવાહી રોકવા ગઈકાલે યુદ્ધવિરામના કરાર થયા હતા. ગઈકાલે સાંજે લગભગ પાંચ વાગ્યે બંને દેશોના ડીજીએમઓ દ્વારા યુદ્ધવિરામ પર સહમતિ દર્શાવી હતી. જોકે, થોડા જ કલાકો બાદ પાકિસ્તાને આ યુદ્ધવિરામનો ભંગ કરતાં ક્રોસ બોર્ડરમાં ડ્રોન ઉડાડ્યા હતા. રાજસ્થાન અને જમ્મુની સરહદ પર ગોળીબાર પણ કર્યો હતો. આ ગોળીબારમાં ભારતીય સેનાએ મજબૂત જવાબ આપ્યો હતો.

પાકિસ્તાન દ્વારા યુદ્ધ વિરામનો ભંગ કરાતાં વિદેશ સચિવ વિક્રમ મિસ્રીએ નિવેદન આપ્યું હતું કે, યુદ્ધ વિરામનો ભંગ થતાં અમે ભારતીય સેનાને જવાબી કાર્યવાહી કરવા છૂટ આપી છે. ભારતના સશસ્ત્ર દળોને આંતરરાષ્ટ્રીય સરહદ તેમજ નિયંત્રણ રેખા પર સરહદના ઉલ્લંઘનના કોઈપણ કાર્યવાહીનો કડક રીતે સામનો કરવા સૂચનાઓ આપવામાં આવી છે.

# પહલગામ હુમલાથી લઈને સીઝફાયર સુધી... ભારત-પાકિસ્તાન સંઘર્ષ પર સંસદીય સમિતિને જાણકારી આપશે વિદેશ સચિવ

વિદેશ સચિવ વિક્રમ મિસરીએ આવતા અઠવાડિયે સંસદીય સમિતિને પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે થયેલા સૈન્ય સંઘર્ષ વિશે જાણકારી આપશે. વિદેશ મામલાની સ્થાયી સમિતિના સભ્યોએ સૂચિત કર્યું કે, મિસરી ૧૯ મેના દિવસે આ અંગે જાણકારી આપશે.

વિક્રમ મિસરી સમિતિને ભારત અને પાકિસ્તાનના સંબંધમાં વર્તમાન વિદેશ નીતિમાં બદલાવ પર પણ જાણકારી આપશે. બંને પક્ષોએ ૧૦ મેના દિવસે તમામ સૈન્ય કાર્યવાહીને રોકવા માટે કરાર કર્યો છે.

૧૨ મેના દિવસે રાષ્ટ્રના નામે સંબોધનમાં વડાપ્રધાન મોદીએ ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાનના ધ્વસ્ત આતંકવાદી ઠેકાણાનો શ્રેય ભારતની સેનાને આપ્યો અને એલાન કર્યું કે, 'વિશ્વ સમુદાયમાં કહેવા ઈચ્છું છે કે, પાકિસ્તા સાથે વાત થશે તો આતંકવાદ પર જ થશે. પાકિસ્તાન માટે ભવિષ્યમાં ભાપક સાથે કોઈપણ પ્રકારના સંપર્ક-સંબંધ માટે પહેલીવાર આટલું સ્પષ્ટ રૂપે ત્રણ શરતો નક્કી કરી દીધી. ભારત સાથે કાશ્મીર સહિતના મુદ્દા પર ત્રીજા દેશની મધ્યસ્થતામાં વાતચીતનું સપનું જોઈ રહેલા પાકિસ્તાનને વડાપ્રધાન મોદીએ બેબાક અંદાજમાં જણાવી દીધું કે, ભારતનો મત એકદમ સ્પષ્ટ છે. આતંકવાદ અને વ્યાપાર એકસાથે ન થઈ શકે તેમજ પાણી અને લોહી એકસાથે ન વહી શકે. સ્પષ્ટ છે કે વાટાઘાટો તો દૂરની વાત છે હાલ જે વ્યાપાર સ્થગિત છે તે પણ શરૂ નહીં થાય.

### જાણો ક્યારે શું થયું?

૨૨ એપ્રિલ: પહલગામ આતંકવાદી હુમલો, જેમાં ૨૬ લોકોના મોત નિપજ્યા.

૨૩ એપ્રિલ: વડાપ્રધાન મોદીએ સાઉદી અરબની યાત્રા વચ્ચેથી જ સ્થગિત કરી દિલ્હી પહોચ્યા. વડાપ્રધાનની આગેવાનીવાળી સુરક્ષા મામલાની કેબિનેટ સમિતિએ પાકિસ્તાન સામે દંડાત્મક કાર્યવાહીનો નિર્ણય લીધો.

૨૪ એપ્રિલ: બિહારના મધુબનીમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, પહલગામ હુમલા માટે જવાબદાર લોકો અને તેના ષડયંત્રકારીઓને તેમની કલ્પના બહારની સજા આપવામાં આવશે.

૭ મે: ભારતીય શસસ્ત્ર દળોએ ૧:૦૫ વાગ્યાથી ૧:૩૦ વાગ્યા સુધી ઓપરેશન સિંદૂર ચલાવ્યું. પાકિસ્તાન અને POKમાં જમ્મુ-કાશ્મીરમાં નવ આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો.



૭ મેની રાત: પાકિસ્તાને ભારતીય ઠેકાણા પર ડ્રોન હુમલાનો પ્રયાસ કર્યો. તમામ વિફળ રહ્યો. પાકિસ્તાની સેનાએ જમ્મુ-કાશ્મીરમાં LOC (લાઇન ઓફ કંટ્રોલ) પર ગોળીબાર કર્યો.

૮ મેની રાત: પાકિસ્તાને લેહથી સરક્રીક સુધી ૩૬ જગ્યાએ ૩૦૦-૪૦૦ ડ્રોન હુમલા કર્યા, જેનો હેતુ સૈન્ય ઠેકાણા અને નાગરિક ક્ષેત્રોને નિશાનો બનાવ્યો હતો. જોકે, તમામ પ્રયાસ નિષ્ફળ રહ્યા. ભારતીય સેનાએ તેને જડબાતોડ જવાબ આપ્યો હતો.

૯ મેની રાત: પાકિસ્તાને જમ્મુ-કાશ્મીરથી લઈને ગુજરાત સુધી ૨૬ જગ્યાને નિશાનો બનાવી ડ્રોન હુમલાનો પ્રયાસ કર્યો. એરપોર્ટ અને વાયુસેનાના ઠેકાણા સહિત મહત્ત્વપૂર્ણ સ્થાનોને નિશાનો બનાવવાનો પ્રયાસ કર્યો. જોકે, તમામ પ્રયાસ નિષ્ફળ રહ્યા.


૧૦ મે: ભારતે પાકિસ્તાની સેનાના વાયુ સંરક્ષણ પ્રણાલીઓથી લઈને રડાર સાઇટ અને કમાન્ડ સેન્ટર સુધી આઠ પ્રમુખ ઠેકાણા પર હથિયારો અને મિસાઇલથી સટીક હુમલા કર્યા. પાકિસ્તાની સૈન્ય સંચાલન મહાનિર્દેશક એ ભારતીય સમકક્ષને હોટલાઇન પર ફોન કર્યો. અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકા દ્વારા મધ્યસ્થતા કરવા ગયેલા પૂર્ણ અને તત્કાલ સંઘર્ષ વિક્રમ મિસરીએ સાંજે ૬ વાગ્યે સંઘર્ષ વિરામ પર સંમતિની જાહેરાત કરી.

૧૧ મે: ભારતીય સેનાએ કહ્યું કે, સૈન્ય હુમલા દરમિયાન ૩૫-૪૦ પાકિસ્તાની સૈન્યકર્મીના મોત થયા. ભારતે પાકિસ્તાની લડાકૂ વિમાનને તોડી પાડ્યા હતા પરંતુ, સંખ્યા જાહેર કરવાનું ટાળ્યું.

૧૨ મે: ભારત અને પાકિસ્તાનના DGMO સાથે વાતચીત કરી. આ વાત પર સંમતિ થઈ કે, બંને પક્ષો સરહદો અને આગળના વિસ્તારોમાંથી સૈનિકો ઘટાડવા માટે તાત્કાલિક પગલાં લેવા પર વિચાર કરશે તે અંગે સંમતિ વ્યક્ત કરવામાં આવી હતી. રાષ્ટ્રને સંબોધનમાં વડાપ્રધાન મોદીએ કહ્યું કે, ઓપરેશન સિંદૂર આતંકવાદ સામેની નવી નીતિ છે. ભારત પરમાણુ ધમકી સામે ઝૂકશે નહીં.

# યુધ્ધ વિરામ કેમ કર્યો...? જાણવું છે..? સુત્રો પાસે થી માહિતી મુજબ

કિરાણા હિલ્સ જેને Black Mountain તરીકે પણ ઓળખવામાં આવે છે એ જગ્યાએ આવેલ Airbase પર ભારતે મીસાઈલ હુમલો કર્યો અને એ Airbase પર નુકસાન થયું એવા રીપોર્ટ દુનિયાના વિશ્વસનીય પ્રમુખ મીડિયામા આવ્યા પાકિસ્તાને પણ એ સ્વીકારયુ કે ડેમેજ થયું છતાં ગય કાલે ભારતના Air Marshal શ્રી AK Bharti ફોરેન ડિપ્લોમસીને ધ્યાનમાં રાખીને જણાવ્યું કે અમે કિરાણા હિલ્સ પર હુમલો કર્યો નથી અને પાકિસ્તાને ત્યાં શું રાખ્યું છે એ પણ અમને ખબર નથી એવું કહીને વધુ સવાલોના જવાબ આપવાનું ચતુરાઈ પૂર્વક ટાળીને રામચરિત માનસની એક પંક્તિ 'ડર બીના પ્રિત નહિ' સંભળાવી જે હકીકત બયાન કરી હતી. આ સ્ટેટમેન્ટથી એમણે હુમલો નથી કર્યો એવું દુનિયાને સ્પષ્ટ સંદેશો આપ્યો, દેશવાસીઓને ને જે કર્યું છે એ રામચરિત માનસની પંક્તિ દ્વારા કહિ પણ દિધું.




**'ડર બીના પ્રિત નહિ' સંભળાવી જે હકીકત બયાન કરી હતી. આ સ્ટેટમેન્ટથી એમણે હુમલો નથી કર્યો એવું દુનિયાને સ્પષ્ટ સંદેશો આપ્યો, દેશવાસીઓને ને જે કર્યું છે એ રામચરિત માનસની પંક્તિ દ્વારા કહિ પણ દિધું.**

એ હુમલા પછી અમેરિકાના B350 AMS પાકિસ્તાનમાં જોવા મળ્યું જે રેડિયો એક્ટિવ કિરણોના ઉત્સર્જન ના સર્વેક્ષણ માટે આવીને અચાનક પોતાનું કામ કરીને જતું રહ્યું છે. જે અમેરીકન ડિપાર્ટમેન્ટ ઓફ એનર્જી તરફથી વિષય તજજ્ઞો સાથે હતું..

એ પછી રેડિયેશન લીકેજ થયાનું બહાર આવ્યું, બન્ને દેશોએ ઓફીસીયલ સ્ટેટમેન્ટમા આ અંગે કંઈ પણ કેહવાનુ ટાળ્યું કારણ લોકોમાં અફળાતફળી અને ભયનો માહોલ ન ફેલાય એ માટે. મળેલી જાણકારી અનુસાર એ કિરાણા હિલ્સ પર પાકિસ્તાને Necular Weapons નું સ્ટોરેજ કરતા હતા અને ભારતે કરેલ હુમલામાં અમુક ભાગ ડેમેજ થતાં લીકેજ થયાનું બહાર આવ્યું છે. આ રેડિયો એક્ટિવ કિરણોથી થતાં નુકસાનને રોકવા ૧૦૦ કિમીની ત્રીજયામા ફરતે ખાલી કરાવવામાં આવ્યું છે. આ રેડિયો એક્ટિવ કિરણોને રોકવા માટે ઈજીપ્તના પ્લેનોBoron લયને પોહચી ગયા છે. જો પરીસ્થીતી વણસે તો લાખો લોકોના મૃત્યુ થાય એ નક્કી અને Necular War એ પણ નક્કી.... ભારતને જાણકારી મળી ગય હતી કે ત્યાં ન્યુક્લિયર હથિયારનો ભંડાર છે કે ભુલથી થયું એ તો મારો રામ જાણે, પણ જે થયું એ સારું જ થયું આપણને ગમે કે ન ગમે...

## તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાની ૧૦૦ વર્ષની યાત્રા

# ૯૭૫ બેઠકોના આધુનિક ઓડિટોરિયમનું લોકાર્પણ, ૨૨૭થી વધુ કાર્યક્રમોનું આયોજન

સુરત- દક્ષિણ ગુજરાતની પ્રતિષ્ઠિત સંસ્થા શ્રી તાપી બ્રહ્મચર્યાશ્રમ સભાએ શતાબ્દી વર્ષની ઉજવણી કરી. સંસ્થાના સ્વામી આત્માનંદ સરસ્વતી વિદ્યા સંકુલ ખાતે પંચામૃત કાર્યક્રમનું આયોજન થયું.



કાર્યક્રમમાં સંસ્થાના ટ્રસ્ટી ડો. કનુભાઈ માવાણી અને જીવરાજભાઈ સુરાણીએ સંસ્થાના આદ્ય સ્થાપક સ્વામી આત્માનંદ સરસ્વતીની પ્રતિમાનું અનાવરણ કર્યું. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલે ૯૭૫ બેઠકોવાળા આધુનિક તાપી ઓડિટોરિયમનું ઉદ્ઘાટન કર્યું.

રાજય શિક્ષણ મંત્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ સંસ્થાના ૧૦૦ વર્ષની સફળતાની યાત્રાને દર્શાવતા '૬,ખાડ ૦ખ.' સોવેનીયરનું વિમોચન કર્યું. શતાબ્દી મહોત્સવ સમિતિના સહ કન્વીનર ડો. મુકેશભાઈ નાવડીયાના માર્ગદર્શનમાં વર્ષ દરમિયાન ૧૫ વિભાગોમાં ૨૨૭થી વધુ કાર્યક્રમો યોજાયા.

આ કાર્યક્રમોને એશિયા બુક ઓફ રેકોર્ડ, ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડ, ગોલ્ડન બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને યુનિવર્સલ અમેઝિંગ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મળ્યું. વર્લ્ડ રેકોર્ડ સંસ્થાના મેનેજિંગ ડિરેક્ટર અશ્વિનભાઈ સુદાણીએ સંકલન કાર્ય કર્યું.

કાર્યક્રમમાં સુરત મહાનગરપાલિકાના મેયર દક્ષેશભાઈ માવાણી, સાંસદ મુકેશભાઈ દલાલ, સુરત બીજેપી પ્રમુખ પરેશભાઈ પટેલ, ધારાસભ્ય પ્રવીણભાઈ ઘોઘારી અને વારાણસીથી સ્વામી આત્માનંદ સરસ્વતીના પ્રપૌત્ર મનીષ વ્યાસમુની પાંડે હાજર રહ્યા. સંસ્થાના પ્રમુખ ડો. વ્રજલાલ માવાણી, સેક્રેટરી હેમંતભાઈ ટોપીવાલા અને ખજાનચી દિનેશભાઈ નાવડીયાના માર્ગદર્શનમાં કાર્યક્રમ યોજાયો. સમાપન પ્રસંગે સંસ્થાના તમામ પદાધિકારીઓએ શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્રે નવા લક્ષ્યાંકો હાંસલ કરવાનો સંકલ્પ લીધો.

## ઓલપાડમાં તિરંગા યાત્રા

# ભારતમાતા કી જય-ના નારા સાથે નભ, જલ અને જમીન પર દેશની રક્ષા કરતા જવાનોને સલામી




ઓલપાડ- જમ્મુ કાશ્મીરના પહેલગામમાં પાકિસ્તાન પ્રેરિત આતંકવાદીઓએ ધર્મના આધારે ૨૭ ભારતીય પર્યટકની હત્યા કરી હતી. આ ઘટના બાદ સમગ્ર દેશમાં રોષની લાગણી ફેલાઈ હતી. ભારત સરકારે તાત્કાલિક પગલાં લેતાં પાકિસ્તાનના નવ આતંકવાદી ઠેકાણા પર હુમલો કર્યો હતો. જેમાં અનેક આતંકવાદીઓ માર્યા ગયા હતા.

પાકિસ્તાને પ્રતિક્રિયા આપતાં ભારત પર ડ્રોન હુમલા કર્યા હતા. ભારતના આક્રમક વલણથી ગભરાયેલા પાકિસ્તાને અન્ય દેશો પાસે મધ્યસ્થીની માગ કરી હતી. હાલમાં યુદ્ધવિરામ જાહેર થયો છે, પરંતુ મોદી સરકારે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, હવે કોઈ આતંકવાદી હુમલો થશે તો કરારો જવાબ અપાશે.

આ પરિસ્થિતિમાં સમગ્ર દેશમાં જવાનોના સન્માન માટે તિરંગા યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સુરતના ઓલપાડમાં પણ તિરંગા યાત્રા નીકળી હતી, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ ભાગ લીધો હતો. યાત્રા દરમિયાન ભારત માતા કી જયના નારા ગુંજી ઉઠ્યા હતા. આ યાત્રા દ્વારા નભ, જલ અને જમીન પર દેશની રક્ષા કરતા જવાનોને સલામી આપવામાં આવી હતી.

# કેરળમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસાનું પાંચ દિવસ વહેલા ૨૭ મેએ આગમન

નવી દિલ્હી : દક્ષિણ પશ્ચિમ ચોમાસુ પાંચ દિવસ પહેલા ૨૭ મેના રોજ કેરળ પહોંચી જશે તેમ ભારતીય હવામાન વિભાગ (આઇએમડી) એ એક નિવેદનમાં જણાવ્યું છે. સામાન્ય રીતે ૧ જૂનના રોજ દક્ષિણ પશ્ચિમ ચોમાસુ કેરળ પહોચે છે.



આઇએમડીના આંકડા અનુસાર જો કેરળમાં ચોમાસુ ૨૭ મેના રોજ પહોંચી જશે તો ૨૦૦૯ પછી પ્રથમ વખત ચોમાસુ આગમન આટલુ વહેલુ થશે. ૨૦૦૯માં ૨૩ મેના રોજ કેરળમાં ચોમાસાનું આગમન થયું હતું.

સામાન્ય રીતે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ એક જૂન સુધી કેરળમાં પહોંચે છે અને ૮ જુલાઇ સુધી સમગ્ર દેશમાં છવાઇ જાય છે. ૧૭ સપ્ટેમ્બરની આસપાસ ચોમાસુ ઉત્તર પશ્ચિમ ભારતથી પરત ફરવાનું ચાલુ કરી દે છે અને ૧૫ ઓક્ટોબર સુધી સંપૂર્ણ રીતે પરત ફરે છે.

આ અગાઉ આઇએમડીએ એપ્રિલમાં વર્ષ ૨૦૨૫માં વરસાદ સામાન્યથી વધારે રહેવાની આગાહી કરી હતી અને અલ નીનો પરિસ્થિતિઓની સંભાવના ફગાવી દીધી હતી.

ઉલ્લેખનીય છે કે દેશના ૪ ટ્રિલિયન ડોલરના અર્થતંત્ર માટે મહત્ત્વપૂર્ણ કૃષિ ક્ષેત્ર વરસાદના પાણી પર આધારિત છે. ભારતની ૫૦ ટકા ખેતી જૂનથી સપ્ટેમ્બર સુધી પડતા વરસાદ પર આધાર રાખે છે.

આ દરમિયાન પશ્ચિમ બંગાળના દક્ષિણમાં આવેલા કેટલાક જિલ્લાઓમાં હિટવેવની આગાહી કરવામાં આવી છે. જયારે પશ્ચિમ બંગાળના ઉત્તરમાં આવેલા જિલ્લાઓમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી છે.

# વિશેષ સત્ર બોલાવો, ભવિષ્યના પડકારો સામે આપણે સૌ એકજૂટ: રાહુલ ગાંધીનો PM મોદીને પત્ર

ભારત અને પાકિસ્તાન વચ્ચે છેલ્લાં ઘણાં સમયથી તણાવની સ્થિતિ છે. જોકે, હવે બંને દેશો સંઘર્ષવિરામ પર વિચાર કરી રહ્યા છે. એવામાં કોંગ્રેસ પાર્ટીએ પહલગામ આતંકવાદી હુમલાને લઈને 'ઓપરેશન સિંદૂર' અને સંઘર્ષવિરામની જાહેરાત ટ્રમ્પ દ્વારા કરાયાની સ્થિતિ પર સર્વપક્ષીય બેઠક બોલાવવાની માંગ કરી છે. આ ક્રમમાં લોકસભાના વિરોધપક્ષના નેતા રાહુલ ગાંધી અને બાદમાં કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. બંને નેતાઓએ વડાપ્રધાન મોદીને જલ્દીમાં જલ્દી સર્વપક્ષીય બેઠક બોલાવવા અને આ સંબંધે જાણકારી આપવાની માંગ કરી છે.

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે કહ્યું કે, 'હું વિપક્ષની સર્વસંમતિથી વિનંતી કરૂ છુંકે, તાત્કાલિક સંસદનું વિશેષ સત્ર બોલાવવામાં આવે. પહલગામ આંતકવાદી હુમલો, ઓપરેશન સિંદૂર અને સંઘર્ષવિરામ પર ચર્ચા કરવા લોકો અને તેમના પ્રતિનિધિઓ માટે ખૂબ જરૂરી છે, જેની જાહેરાત સૌથી પહેલાં અમેરિકન રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કરી હતી. આ આવનારા પડકારોનો સામનો કરવા માટે આપણા સામૂહિક સંકલ્પને દર્શાવવાનો પણ અવસર હશે. મને વિશ્વાસ છે કે, તમે આ માંગ પર ગંભીરતાથી અને ઝડપથી વિચાર કરશો.'



વળી, બીજી બાજું કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ પણ વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો છે. જેમાં તેમણે લખ્યું કે, 'તમને યાદ હશે કે, મે રાજયસભાના વિપક્ષ નેતાના રૂપે અને લોકભાસભાના વિપક્ષી નેતાએ ૨૮ એપ્રિલ ૨૦૨૫ના રોજ અમારા પત્રો દ્વારા પહલગામમાં થયેલા અમાનવીય આતંકવાદી હુમલાને ધ્યાનમાં રાખીને સંસદના બંને ગૃહોનું વિશેષ સત્ર બોલાવવા વિનંતી કરી હતી. લેટેસ્ટ ઘટનાક્રમોને જોતા લોકસભામાં વિપક્ષના નેતાએ તમને ફરી પત્ર લખીને તમામ વિપક્ષી પાર્ટીઓની સંમતિથી ઉઠાવવામાં આવેલી માંગ સાથે પરિચિત કરાવ્યા છે કે, પહલગામ આતંકવાદ, ઓપરેશન સિંદીર અને પપહેલાં વોશિંગ્ટન ડીસી અને બાદમાં ભારતક અને પાકિસ્તાનની સરકારો દ્વારા સંઘર્ષવિરામની જાહેરાત પર ચર્ચા કરવા માટે સંસદનું એક વિશેષ સત્ર બોલાવવામાં આવે, રાજયસભામાં વિપક્ષના નેતાના રૂપે હું આ વિનંતીના સમર્થનમાં લખું છું. મને વિશ્વાસ છે કે, તમે સંમત હશો.'

ગુજરાત આત્મીયતા
ગુજરાતી સાપ્તાહિક (સુરત)
GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

## તંત્રી લેખ........

# આંતર વિગ્રહના કારણે પાકિસ્તાનના પાંચ ટુકડા થઈ જશે



તંત્રી– હિમાંશુસિંહ ઠાકોર

ભ્ર ષ્ટાચારના આરોપોનો સામનો કરી રહેલા પૂર્વ પ્રધાનમંત્રી ઈમરાન ખાનની ગયા સપ્તાહે ધરપકડ થઈ ત્યારથી પાકિસ્તાનમાં ભારે ઉથલપાથલ મચી ગઈ છે.

ઈમરાન ખાને શાહબાઝ શરીફની વર્તમાન સરકાર તેમ જ પાક. સૈન્ય હાકેમો સામે પંગો લીધો છે. પાક. રાજકારણીઓ તેમ જ પ્રજાના અમુક આગેવાનોને એવો સંદેહ છે કે ગમે તે ઘડીએ આર્મી ઈમરાનને હંમેશ માટે ચૂપ કરી દેશે.

એક ચોંકાવનારી બાબત એ છે કે પહેલીવાર રોષે ભરાયેલી જનતાએ પાક. સૈન્યની સામે પણ દંડો ઉગામ્યો છે. કેટલાય કોર કમાન્ડરના ઘરમાં તોડફોડ કરી આગચંપી કરી છે. દેશની ખૂણેખૂણે ગૃહયુદ્ધ જેવી સ્ફોટક સ્થિતિ છે છતાં આતોફાન શાંત કરી શકે તેવો એક પણ નેતા દેખાતો નથી.

પાકિસ્તાનની બદકિસ્મતી એ છે કે દેશ આઝાદ થયો ત્યારથી તેને એવો એકપણ નેતા સાંપડયો નથી જે દેશનું હિત ધ્યાનમાં રાખી શાસન ચલાવતો હોય. દરેક શાસકે માત્ર અને માત્ર પોતાના સ્વાર્થ ખાતર સત્તા સંભાળી છે. અને પ્રજાના દુઃખ-દર્દ, અન્યાય દૂર કરવાની કોઈ તસ્દી લીધી નથી.આવા મતલબી નેતાઓને કારણે પ્રજામાં અલગતાવાદના મૂળ ઊંડા થતા ગયા છે.

આપણે જોઈએ છે કે પાકિસ્તાનમાં જબરજસ્ત અંધાધૂંધી ફેલાયેલી છે. ગરીબોને ખાવા ધાન્ય નથી, મધ્યમ વર્ગીઓમાં આત્મહત્યાનું પ્રમાણ વધી ગયું છે અને નપાવટ નેતાઓ તથા લશ્કરી અધિકારીઓ રોજ ઈદ માણે છે. અર્થતંત્ર ભાંગી પડયું છે. મોંઘવારીએ માઝા મૂકી છે અને ફુગાવો ફાટીને ધૂમાડે ગયો છે. સિંધિ, બલુચી અને પઠાણી પ્રજાએ પંજાબીઓ વિરુદ્ધ બાંયો ચઢાવી છે તથા કરાંચીમાં મુહાજિરો કત્લેઆમ પર ઉતરી આવ્યા છે. બલુચિસ્તાન અને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં રહેનારા પણ બળવો કરી રહ્યા છે. સરકાર મૂક તમાશો જોઈ રહી છે. કાયદો અને વ્યવસ્થા શબ્દનો કશો અર્થ રહ્યો નથી.

આવી નરી વાસ્તવિકતાને લક્ષમાં રાખીને વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોની બનેલી એક અમેરિકન થીન્ક ટેન્કે એવી આગાહી કરી છે કે દાયકાની અંદર પાકિસ્તાન નાના રાજયોમાં વિખરાઈ જશે. એક દેશ તરીકે પાકિસ્તાનનું નામ જગતના નકશા પરથી હઠી જશે. અગાઉ બાંગલાદેશ છૂટું પડયું અને હાલ પશ્તુન સિંધ-બલૂચિસ્તાનમાં પણ અસંતોષનું વાતાવરણ છે. બલૂચિસ્તાનમાં છેલ્લા કેટલાક સમયથી લશ્કરના દમનકારી અભિગમને લઈ રોષ ફેલાયો છે. આથી બંદૂકની અણીએ પાકિસ્તાની લશ્કર બલૂચી સમસ્યાનો અંત લાવવા પ્રયાસ કરશે તો તેના પ્રત્યાઘાત જીરવવા મુશ્કેલ બનશે.

હવે તો ખુદ પાકિસ્તાની નાગરિકો પૂછે છે કે, પાકિસ્તાન રાષ્ટ્રનું શું? આખો દેશ આબાદ, અખંડ રહી શકશે? પર વર્ષ પૂર્વે ડિસેમ્બર ૧૯૭૧માં બાંગલાદેશ સ્વરૂપે પોતાનો અડધોઅડધ પ્રદેશ ગુમાવ્યો. ત્યાર પછી પાકિસ્તાની શાસકોએ કોઈ બોધપાઠ લીધો નથી. આજે આપણા આ પાડોશી દેશની હાલત એ છે કે એના ટુકડે ટુકડા થઈ જવાની ભીતિ સેવાય છે.તમને જાણીને નવાઈ લાગશે પરંતુ પાકિસ્તાનનું નવેસરથી વિભાજન થાય તો કયા કયા પ્રાંતો રચાશે અને દરેક નવા રાજયનો નવો વડો કોણ હશે તેની ચર્ચા અંદરખાને ઘેર ઘેર થાય છે. સાતેક વર્ષ પૂર્વે લંડનમાં 'ઓપ્રેશ્ડ નેશન્સ ઓફ પાકિસ્તાન' (પાકિસ્તાનના પીડીત રાષ્ટ્રો)ના નેતાઓની એક બેઠક યોજાઈ હતી. લંડનના એક્ટન ટાઉન હોલમાં મળેલી આ સભામાં પાકિસ્તાનના વિવિધ પ્રાંતોના નેતાઓએ સર્વાનુમતે એક ઠરાવ પસાર કર્યો હતો જેનો સૂર એવો હતો કે પાકિસ્તાનના વર્તમાન શાસનની ધુંસરી ફગાવી દઈ પાકિસ્તાન રાષ્ટ્રની નવરચના કરવી. તેમ જ લોકશાહી, સમવાયતંત્રની સ્થાપના કરવી જેમાં દરેક રાજય ઘણી બધી રીતે સ્વતંત્રતા ભોગવતું હોય. નવાઈની વાત એ છે કે આ બેઠકમાં ચર્ચા દરમિયાન એવું પણ નક્કી થયું કે ભારતના મુસ્લિમોને પણ એ વાતથી વાકેફ કરવામાં આવે કે તેમના જે ભાઈ ભાંડુઓ ૧૯૪૭માં ભાગલા વખતે પાકિસ્તાન હિજરત કરી ગયા તેઓ હાલ કેટલા દુઃખી છે તેઓ એવો વ્યૂહ વિચારી રહ્યા છે કે ભારતના મુસ્લિમો એક થઈ, સંગઠિત બની ભારતસરકાર પર એવું દબાણ આણે કે પાકિસ્તાનના પુનઃગઠનમાં તે વિવિધ પ્રાંતોના નેતાને મદદ કરે.

ઈનોવા તથા કીયા કાર ભાડે થી મળશે
● ૫–સિટર ● ૭–સિટર ●


સંપર્ક– અનિલભાઈ મો.97242 60058



સંપર્ક–મિતેશ દેસાઈ Mo-9879518431
બ્લોક નં. એ–૧૩૮, પ્લોટ નં. ૬, ટ્રાસપોર્ટ, કેમ્પસ, નેશનલ રોડ–૪૮, નવાગામ, ઉદ્યોગ નગર, કામરેજ સુરત

# સિવિલ ડિફેન્સને મજબૂત બનાવવા પ્રયાસઃનાગરિક સંરક્ષણ દળમાં માનદસેવા આપવા માંગતા નાગરિકોને સ્વયંભૂ દળમાં જોડાવવા અપીલ

સુરત- સિવિલ ડિફેન્સ નાગરિકોનુંબનેલુ સ્વયંસેવક દળ છે. નાગરિક સંરક્ષણનો ધ્યેય હુમલા પછી તરત આવશ્યક સેવાઓ, ઔદ્યોગિક એકમો અને જનજીવન પૂર્વવત કરવાનો છે તેમજ મુખ્ય ઉદ્દેશ નાગરિકોના જીવન-મિલકતનું રક્ષણ કરવું, ઉત્પાદનની પ્રક્રિયા સતત જાળવી રાખવી, નુકસાનીનું પ્રમાણ લઘુતમ કરવું અને નાગરિકોનું નૈતિકબળ ટકાવી રાખવા અને તે માટે નાગરિકોને તાલિમબદ્ધ કરવાનું છે. જેમાં પુખ્ત વયના નાગરિકો જોડાઈને માનદ સેવા આપી શકે છે.

૧૯૬૨ ના ભારત-ચીન યુદ્ધથી આજદિન સુધી સિવિલ ડિફેન્સની માનદ સેવા રાષ્ટ્રને સમર્પિત રહી છે. સુરતમાં પણ સને ૧૯૯૭ થી સિવિલ ડિફેન્સ સરાહનીય કામગીરી કરી રહી છે, જેમાં ૧૬૦૦૦થી વધુ નાગરિકો સિવિલ ડિફેન્સની તાલીમ મેળવી ચૂક્યા છે અને સિવિલ ડિફેન્સના વોર્ડનોને મુખ્યમંત્રી પદક તેમજ રાષ્ટ્રપતિ પદકથી સન્માનિત કરાયા છે. જે



કુત્રિમ કે કુદરતી આપત્તિ વખતે ઝડપથી વિવિધ કામગીરી કરી શકે છે.

હાલ ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ જેવી સ્થિતિનું નિર્માણ થયા બાદ ફરી એક વખત સિવિલ ડિફેન્સ વિભાગ સક્રિય થઈ ગયું છે. વધુમાં વધુ લોકો સિવિલ ડિફેન્સમાં પોતાની નૈતિક જવાબદારી સમજીને જોડાઈ એવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. લોકો સિવિલ ડિફેન્સમાં સ્વયંભૂ રીતે જોડાય તેના માટેની પ્રક્રિયા પણ સરળ કરવામાં આવી રહી છે.નાગરિક સંરક્ષણ દળમાં માનદ સેવા આપવા મંગાતા પુખ્ત વયના નાગરિકોએ નીચે જણાવેલ નંબર/ કચેરી પર ૨ પાસપોર્ટ સાઈઝના ફોટોગ્રાફ, રહેઠાણ, ઉંમર તથા ઓળખના પુરાવા મોકલી આપવાના રહેશે. વોટ્સએપ નંબરઃ ૯૯૨૫૨૭૫૭૫૧

# ગામડાં અગનભઠ્ઠી બનતાં લોકો માટીના મકાન, ચેકડેમ તરફ વળ્યાં, ગત વર્ષે પારો ૫૦ ડિગ્રી પહોચ્યો હતો


વધી રહેલા તાપમાનની અસર શહેરોની સાથે ગ્રામ્ય વિસ્તારો પર પણ થવા લાગી છે. ગ્રામ્ય વિસ્તારોમાં પણ તાપમાન વધી રહ્યું છે. આ સ્થિતિને પહોંચી વળવા માટે હવે ગ્રામ્ય વિસ્તારના લોકો પરંપરાગત ઓછા ખર્ચાળ રસ્તા અપનાવી રહ્યા છે. જેમાં ચેકડેમ, તળાવોથી પાણીનો સંગ્રહ વધારવો તેમજ મકાન એવા બનાવવા કે જેથી ઉંચા તાપમાનનો પણ સામનો કરી શકાય. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ઉત્તર પ્રદેશ, બિહાર, ગુજરાત અને રાજસ્થાન સહિતના કેટલાક રાજયોમાં હીટવેવના સમયમાં સાતથી આઠ દિવસનો વધારો થઇ શકે છે. મધ્ય પ્રદેશના ભરવાણી જિલ્લામાં ગયા વર્ષે તાપમાન ૫૦ ડિગ્રી સુધી પહોંચી ગયું હતુ. આ ઉંચા તાપમાનની અસરોને પહોંચી વળવા માટે મધ્ય પ્રદેશમાં ગ્રામ્ય વિસ્તારોમાં લોકો પરંપરાગત જીવન તરફ પાછા વળવા લાગ્યા છે. મધ્ય પ્રદેશના માંડલા તાલુકાના બીજાદંડી વિસ્તારમાં રહેતી માલતી યાદવે પીટીઆઇને જણાવ્યું હતું કે એક સમયે અમારા ગામમાં પાણી મૂલ્યવાન ગણાતું હતું. પાણીની ભારે અછત રહેતી, જે વહેલા ઉઠે તેને પાણી મળતું હતું. બાકી લોકો પાણી વગર રહી જતા હતા. ભાગસુર ગામની રહેવાસી સીમા નારગવેએ કહ્યું હતું કે અમારા ગામમાં એટલુ તાપમાન વધી જાય છે કે રાત્રે ૧૦ વાગ્યા સુધી ઘરની દિવાલો સળગતી હોય એટલી ગરમ રહે છે. આ




પ્રકારની કુદરતી આફતોને પહોંચી વળવા માટે અમે હવે ચેકડેમ બનાવવા લાગ્યા છીએ.

માલતી અને અન્ય મહિલાઓએ એક ગ્રૂપ બનાવીને ગામમાં જાતે જ ચેકડેમ તૈયાર કરવાનુંશરૂ કરી દીધુ છે. કેટલીક મહિલાઓ તળાવો તૈયાર કરવા લાગી છે. સીમા નામની એક મહિલાએ કહ્યું હતું કે હવે લોકો ઇંટોમાં સિમેન્ટની જગ્યાએ પરંપરાગત માટીનો ઉપયોગ કરીને ઘર બનાવે છે. માટીના મકાનો વધુ ઠંડા રહેતા હોય છે. અમારા દુધાળા પશુઓની ચામડી બળી જાય છે જેને કારણે દુધ આપવાનું બંધ કરી દે છે. માત્ર પશુઓ જ નહીં માનવીઓ અને ખાસ કરીને મહિલાઓએ બહુ સહન કરવું પડે છે. ઝારખંડના ગરવા જિલ્લાના ૪૦ વર્ષીય ખેડૂત કુંતી દેવી સૂર્યોદય થાય તે પહેલા જ પોતાનું કામ શરૂ કરી દે છે. ઉત્તર પ્રદેશના બુંદેલખંડ પ્રાંતના ખેડૂતો હવે એવા વૃક્ષો વધારે વાવવા લાગ્યા છે કે જે ઘટાદાર હોય જેથી છાંયડો મળી રહે.

# સર્વિસ રોડ પર ખાડામાં પાણી ભરાય ત્યારે પાલિકા પોલીસ ખાડા પૂરી આંશિક ઉકેલ લાવે છે



પલસાણા- ચલથાણ- કડોદરાના સર્વિસ રોડ પર પાણી ભરાવાના કારણે ચોમાસા દરમિયાન દર વખતે ગંભીર અકસ્માતો સર્જાય છે. છેલ્લે પાલિકા અથવા પોલીસ ખાડા પૂરી સમસ્યાનો આંશિક ઉકેલ લાવે પરંતુ ગાંધારી બનેલા હાઇવે તંત્રને આ ખાડાઓ તેમજ ખાડાઓને કારણે રોજ થતા અકસ્માત દેખાતા નથી. કડોદરા નગરએ બે રાષ્ટ્રીય ધોરી માર્ગોને જોડતું જંક્શન છે. વળી પલસાણા તાલુકામાં સંખ્યાબંધ ઔદ્યોગિક એકમોને કારણે અહી વાહનોની અવરજવર રહે છે વાત કરીએ ચલથાણ થી કડોદરા ચાર રસ્તા તરફ જતા સર્વિસ રોડની આ રોડ છેલ્લા કેટલાક વર્ષોથી ચોમાસામાં મોટરસાયકલ જવા લાયક પણ રહેતો નથી અહી રોડ પર પાણી ભરાવવના કારણે રોડપર મસ મોટા ખાડાઓ પડ્યા છે જેમાં રોજિંદા પસાર થતા વાહનો ખોટકાઈ છે ગત અઠવાડિયામાં પડેલા માવઠાને કારણે આ સર્વિસ રોડ પર ફરી પાણી ભરાઈ ગયું હતુ.

# હેલ્મેટ વગરના રાઇડર્સ અને બ્લેક ફિલ્મવાળી કારના માલિકો પાસેથી દંડ વસૂલાયો



અંકલેશ્વર- અંકલેશ્વરમાં પોલીસે વિશેષ ટ્રાફિક ડ્રાઇવ હાથ ધરી છે. આ દરમિયાન હેલ્મેટ વગર વાહન ચલાવનારા અને કાર પર કાળી ફિલ્મ લગાવનારા વાહન માલિકો પાસેથી દંડની વસૂલાત કરવામાં આવી છે.

હાઇકોર્ટના આદેશ બાદ ભરૂચ અને અંકલેશ્વરમાં સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરાયું હતું. હવે સામાન્ય નાગરિકો માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. પોલીસે કાપોદ્રા પાટીયા, કોસમડી અને ભડકોદ્રા સહિતના વિસ્તારોમાં વિશેષ ટ્રાફિક ડ્રાઇવનુંઆયોજન કર્યુંહતું. અકસ્માત સમયે હેલ્મેટ ન પહેરવાથી મૃત્યુનુંજોખમ વધી જતું હોવાથી સરકારે આ નિયમ ફરજિયાત કર્યો છે. આ નિયમના અમલીકરણ માટે પોલીસ તબક્કાવાર વાહન ચેકિંગ કરી રહી છે.

# અમેરિકી કંપનીએ સ્પેસ કાર્યક્રમ માટે ઈસરો સાથે સહયોગનો સંકેત આપ્યો

નવી દિલ્હીઃ વિશ્વનું પ્રથમ કમર્શિયલ સ્પેસ સ્ટેશન લોન્ચ કરવાની યોજના ધરાવતી અમેરિકી સ્થિત કંપની વાસ્ટએ ભાવિ ક્રુ પરિવહન અને વૈજ્ઞાનિક સહયોગ માટે ભારતના ઈસરો સાથે ભાગીદારી કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. વાસ્ટના સીઈઓ મેક્સ હોટએ ગ્લોબલ સ્પેસ એક્સપ્લોરેશન કોન્ફરન્સમાં હાજરી આપતી વખતે ઈસરોના અધિકારીઓ સાથે મુલાકાત કરી હતી અને ખાસ કરીને ભારતના ગગનયાન માનવીય સ્પેસફ્લાઈટ કાર્યક્રમ બાબતે તકની ચર્ચા કરી હતી.




વાસ્ટ આગામી વર્ષે મે મહિનામાં સ્પેસ એક્સ ફાલ્કન ૯ ઉપર સિંગલ મોડયુલ ઓર્બિટલ સ્ટેશન હેવન-૧ લોન્ચ કરવાની તૈયારી કરી રહ્યું છે. તેના પછી જુલાઈ ૨૦૨૬માં એસ્ટ્રોનોટ મિશનો લોન્ચ કરશે અને આખરે ૨૦૨૮ સુધીમાં હેવન-ટુ નામનું મોટુ સ્ટેશન લોન્ચ કરશે. હોટએ ભારતના એલવીએમ-૩ રોકેટ( વન વેબ મિશનમાં ઉપયોગમાં લેવાયેલા)માં ઊંડો રસ દાખવતા જણાવ્યું કે વાસ્ટના સ્ટેશન સુધી અવકાશયાત્રીઓ માટે તે પરિવહન વાહન તરીકે સંભવિતપણે ઉપોયગમાં લઈ શકાશે.

ચાર અવકાશયાત્રીઓને સમાવિષ્ટ કરવા બનાવાયેલ હેવન-૧માં સ્લીપીંગ ક્વોર્ટર્સ, સાયન્સ લોકર્સ અને સામાન્ય એરીયા પણ હશે.

# બોર્ડ પરીક્ષામાં સુમન હાઈસ્કૂલોનું દમદાર પર્ફોર્મન્સ; ૩૦૬ વિદ્યાર્થીને A૧ ગ્રેટ, રૂ. ૭૦૦૦ ની સ્કોલરશીપ અપાશે

સુરત- સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સુમન હાઈસ્કૂલો ફરી એક વખત તેમની ગુણવત્તાસભર શિક્ષણ પદ્ધતિથી રાજયના શૈક્ષણિક ક્ષેત્રમાં મજબૂત છાપ પડી છોડી રહી છે. ચાલુ વર્ષે ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ બોર્ડ પરીક્ષામાં વિદ્યાર્થીઓએ રેકોર્ડબ્રેક સફળતા મેળવી છે. શહેરના ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓ માટે આશાનું પ્રતિક બની રહેલી આ સ્કૂલોમાંથી ૩૦૬ વિદ્યાર્થીએ A-૧ ગ્રેડ સાથે નવી સિદ્ધિ પ્રાપ્ત કરી છે. ગયા વર્ષે ૧૮૦૦૦ વિદ્યાર્થી પ્રાઇવેટ સ્કૂલ છોડી સરકારી સ્કૂલમાં પ્રવેશ મેળવ્યા હતો. ગયા વર્ષે બોર્ડની પરીક્ષામાં ૨૫૩ વિદ્યાર્થીએ A૧ ગ્રેટ મેળવ્યો હતો.

સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સુમન હાઇસ્કૂલો ગરીબ અને મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ગુણવત્તાસભર શિક્ષણ પૂરું પાડવામાં અગ્રેસર છે. ચાલુ વર્ષે સુમન સ્કૂલના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦ અને ધોરણ-૧૨ ની બોર્ડ પરીક્ષામાં શાનદાર પ્રદર્શન કરી રેકોર્ડબ્રેક સફળતા હાંસલ કરી છે. આ તેજસ્વી વિદ્યાર્થીઓના અથાગ પરિશ્રમ અને મક્કમ મનોબળને બિરદાવવા, મહાનગરપાલિકા દ્વારા ૩૦૬ વિદ્યાર્થીઓને એકસમાન ૭૦૦૦ રૂપિયાની સ્કોલરશીપ આપવામાં આવશે.

Date-14/05/2025 Wednesday

# ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

GUJARAT AATMIYATA
(WEEKLY)-SURAT

### સોનગઢમાં પુત્રની હત્યા કરનારા પિતાને આજીવન કેદઃ

## વ્યારા કોર્ટે આરોપી આરોપી પિતાને રૂ.૫૦૦૦ નો દંડ પણ ફટકાર્યો




**વ્યારા, તાપી-** વ્યારાના એડિશનલ સેશન્સ જજ એ. બી. ભોજકે એક પિતાને પુત્રની હત્યા કરવા બદલ આજીવન કેદની સજા ફટકારી છે. તાપી જિલ્લાના સોનગઢ તાલુકાના ડોસવાડા ગામના કાન્તુ નાથુભાઈ ગામીતે પોતાના પુત્ર સંદીપની હત્યા કરી હતી.

૭ મે ૨૦૨૩ ની રાત્રે સવા એક વાગ્યે, સંદીપ તેની પત્ની પિયંકા અને બે પુત્રીઓ સાથે ઘરમાં સૂતો હતો. કાંતુભાઈએ કુહાડી વડે સંદીપના ગળા પર હુમલો કર્યો હતો. સંદીપને ત્રણ-ચાર ઘા મારીને આરોપી ટુ-વ્હીલર પર ભાગી છૂટ્યા હતા. પિયંકાબેને તુરંત ૧૦૮ એમ્બ્યુલન્સને બોલાવી, પરંતુ સોનગઢ સરકારી હોસ્પિટલમાં સંદીપને મૃત જાહેર કરાયો હતો.

ફરિયાદી પિયંકાબેન અને તેમની સગીર પુત્રી સોફિયાએ હત્યાની ઘટના નજરે જોઈ હતી. બંનેએ કોર્ટમાં CRPC કલમ-૧૬૪ મુજબ નિવેદન આપ્યું હતું. FSL રિપોર્ટમાં હથિયાર પર સંદીપનું બ્લડ ગ્રુપ મળી આવ્યું હતું. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં કુહાડીના ઘાથી મૃત્યુ થયાનું પુષ્ટિ થઈ હતી.

મૃતક સંદીપ ખેતમજૂરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો હતો. તેની પાછળ પત્ની અને બે પુત્રીઓ છે. પોલીસ ઇસ્પેક્ટર એન.એસ. ચૌહાણ તપાસ અને સરકારી વકીલ સમીર પંચોલીનાં પુરાવાનાં આધારે કોર્ટે આરોપીને IPC કલમ ૩૦૨ હેઠળ આજીવન કેદની સજા અને રૂ.૫૦૦૦ નો દંડ ફટકાર્યો છે. દંડની રકમ ન ભરે તો વધુ એક વર્ષની સજા થશે.

## સોનગઢ એસબીઆઈના એટીએમમાં વારંવાર નાણાં ખૂટી જતાં ગ્રાહકોને મુશ્કેલી




સોનગઢ- સોનગઢ નગરના નવાગામ વિસ્તારમાં આવેલા એસબીઆઇ બેંકના એટીએમ સેન્ટરમાં રોકડ સમયસર નાખવામાં ન આવતાં આ સેન્ટરનું શટર વારંવાર બંધ જોવા મળે છે. સોનગઢ નગરમાં સરકારી બેંક એવી સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયાની એકમાત્ર શાખા નવાગામ વિસ્તારમાં આવેલી છે. તાલુકા મથક ખાતે આ બેંકની એક જ શાખા કાર્યરત હોવાથી તેમાં મોટે ભાગે ભીડ જોવા મળે છે.

બેંકની શાખાની નજીક જ એસબી ઈનું એટીએમ સેન્ટર કાર્યરત છે, જ્યાંથી બેંકના ગ્રાહકો પોતાની જરૂરિયાત મુજબ રોકડ મેળવે છે. આ એટીએમ સેન્ટર સમગ્ર સોનગઢ તાલુકાના ગ્રાહકો માટે અત્યંત ઉપયોગી હોવા છતાં, હીના એટીએમ મશીનમાં નિયમિત રીતે પૂરતા પ્રમાણમાં રોકડ પુરવઠો નાખવામાં ન આવતો હોવાથી વારંવાર નાણાં ખૂટી જાય છે અને આ કારણે સેન્ટરનું શટર બંધ કરી દેવામાં આવે છે. હાલમાં બેંકના તમામ વ્યવહારો અને એટીએમ સેન્ટરોની માહિતી બેંકના ઉચ્ચ અધિકા રીઓને તાત્કાલિક પહોચી જતી હોય છે. આવી સ્થિતિમાં, સોનગઢ ખાતેના એટીએમ મશીનમાં નાણાં ખૂટવાની માહિતી બેંક કે સેન્ટરના મશીનમાં રોકડ ભરવાની જવાબ દારી સંભાળતી એજન્સી સુધી પહોંચે છે કે કેમ? અને જો આ માહિતી તેમના સુધી પહોચતી હોય તો,અગાઉથી નાણાં મોકલ વાની વ્યવસ્થા કેમ ગોઠવવામાં આવતી નથી? એવો પ્રશ્ન ગ્રાહકો પૂછી રહ્યાં છે.

ગત શુક્રવારે સાંજે પણ બેંકના એટીએમ સેન્ટરમાં નાણાં ન હોવાથી શટર બંધ હતું અને ગ્રાહકો નાણાં મેળવવા માટે સેન્ટરની બહાર ઉભા રહેલાં જોવા મળ્યાં હતા. સોનગઢમાં કાર્યરત એસબીઆઇની ગ્રાહકલક્ષી સેવાઓ અંગે વારંવાર ફરિયાદો ઉઠે છે.

ખાસ કરીને, સેન્ટરના એટીએમમાં નાણાં ખૂટી જવાની સમસ્યા ઘણી વખત જોવા મળે છે.આના કારણે ગ્રાહકોને જરૂરિયાતના સમયે રોકડ મળતી નથી. પરિણામે, ઘણી વખત ગ્રાહકો અન્ય બેંકના એટીએમમાંથી નાણાં ઉપાડે છે, જેના કારણે તેમને ચાર્જ ચૂકવવો પડે છે. એસબીઆઈના અધિકારીઓએ યોગ્ય પગલાં લેવા જોઈએ એવી અમારી માગણી છે.

## કડોદરા હાઈવે પર ક્રેટા કારનો અકસ્માતઃકાર અન્ય વાહન સાથે અથડાતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો, કોઈ જાનહાની નહી



પલસાણા- સુરત જિલ્લાના પલસાણા તાલુકામાં કડોદરા ખાતે એક ક્રેટા કાર અકસ્માતનો બનાવ સામે આવ્યો છે. KA-૦૧-NE-૪૫૭૪ નંબરની ક્રેટા કાર અન્ય વાહન સાથે અથડાઈ હતી. આ અકસ્માતમાં કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો.

ઘટનાની જાણ થતાં કડોદરા પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે કારનો સંપૂર્ણ ખુરદો બોલી ગયો હતો. જો કે રાહતની વાત એ છે કે આ અકસ્માતમાં કોઈ જાનહાનિ થઈ નથી. પોલીસે ઘટના સ્થળે પહોંચીને તપાસ હાથ ધરી છે.

## ભાજપ આગેવાનના પુત્રએ મીઢોળા બ્રિજ પરથી પડતું મૂક્યું

બારડોલી- રવિવારે સાંજે બારડોલીના મીંઢોળા નદીના પુલ પર યુવકે મોપેડ ઉભી રાખી પુલ પરથી કૂદી પડ્યો હતો. યુવકને લોકોએ જોતા ટોળા એકત્ર થઈ ગયા હતા. યુવક સીધો પાણીમાં પડ્યો હતો જો કે પાણી ઓછું હોય તે તરત જ ઉભો થઇ જતા તેને બચાવી લેવાયો હતો. બારડોલી ટાઉન પોલીસે તેને પોલીસ મથકે લઈ આવી. તેનું નામ રાજા હોવાનું જણાવ્યું હતું. રાજા ભાજપ આગેવાનનો પુત્ર હોવાનું અને ફાયનાન્સના વ્યવસાય સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળી રહ્યું છે. યુવકની પત્ની તેના સંતાનો સાથે પિયર જતી રહી હોય તેણે નદીમાં કૂદી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાનું ચર્ચાઇ રહ્યું છે.

## વિટારા કારમાંથી ૨.૫૯ લાખનો વિદેશી દારૂ જપ્ત, બે આરોપી ઝડપાયા




બારડોલી- પલસાણા પોલીસે વિદેશી દારૂની હેરાફેરી કરતી એક વિટારા કારને પકડી પાડી છે. પોલીસ મહાનિરીક્ષક પ્રેમવીરસિંગની સૂચના મુજબ પલસાણા પોલીસે વિસ્તારમાં સઘન ચેકિંગ હાથ ધર્યું હતું.

પોલીસ ઇન્સપેક્ટર બી.ડી.ઝીલરીયા અને એ.એસ.આઇ દિપકભાઇ આનંદરાવને મળેલી બાતમીના આધારે સફેદ મારુતી વિટારા કારને રોકી તપાસ કરી હતી. કારમાંથી ૯૬૦ નંગ વિદેશી દારૂની બોટલો અને ટીન બીયર મળી આવ્યા હતા. જેની કિંમત ૨,૫૯,૪૪૦ રૂપિયા છે.

પોલીસે કાર, ત્રણ મોબાઇલ ફોન અને રોકડ રકમ સહિત કુલ ૧૩,૦૯,૯૬૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ કેસમાં બે આરોપીની ધરપકડ કરવામાં આવી છે.

જેમાં વલસાડના પારડી તાલુકાના સરોદી ગામના ડેનીસ વિનોદભાઇ ઢોડીયા પટેલ (ઉ.વ.૨૪) અને પરીયા ગામના ચેતનભાઇ પંકજભાઇ પટેલ (ઉ.વ.૩૨) નો સમાવેશ થાય છે. વિદેશી દારૂનો જથ્થો ભરી આપનાર વલસાડના કમલેશ પટેલ અને કડોદરાના વિકાસભાઇ હજુ ફરાર છે.પોલીસે આરોપીઓ વિરુદ્ધ પ્રોહિબિશન એક્ટ, બી.એન.એસ. અને એમ.વી. એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## બારડોલી પોલીસની મોટી કાર્યવાહીઃમહાવીરનગર સોસાયટીમાં જુગાર રમતા ૮ શખ્સો ઝડપાયા, ૮.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત



બારડોલી- બારડોલી પોલીસે મહાવીરનગર સોસાયટીમાં ચાલતા જુગારધામ પર દરોડો પાડ્યો છે. પોલીસે આ કાર્યવાહીમાં ૮ શખ્સોની ધરપકડ કરી છે. આરોપીઓ પાસેથી રોકડા રૂપિયા, મોબાઈલ ફોન અને વાહનો મળીને કુલ ૮.૧૧ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

સુરત વિભાગના IGP પ્રેમવિરસિંગની સૂચના મુજબ સુરત ગ્રામ્ય વિસ્તારમાં પ્રોહિબિશન અને જુગારની પ્રવૃત્તિ સામે કાર્યવાહી ચાલી રહી છે. બારડોલી ડિવિઝનના Dysp એચ.એલ.રાઠોડના માર્ગદર્શન હેઠળ PI વી.એ.દેસાઈની ટીમે આ કામગીરી કરી છે.

પોલીસને બાતમી મળી હતી કે મહાવીરનગર સોસાયટીના મકાન નંબર ૨૫માં જ્ઞાનેશ્વર અરુણભાઈ મહાજન તેના ઘરમાં જુગાર રમાડી રહ્યો છે. આ બાતમીના આધારે પોલીસે રેડ કરી હતી. પોલીસે આરોપીઓ પાસેથી અંગઝડતીમાંથી ૯૪,૦૦૦ રૂપિયા, દાવ પરથી ૩૫,૫૦૦ રૂપિયા, ૮ મોબાઈલ ફોન કિંમત ૧.૫૨ લાખ, ૫ વાહનો કિંમત ૫.૩૦ લાખ અને ગંજીપાના જપ્ત કર્યા છે.

પકડાયેલા આરોપીઓમાં જ્ઞાનેશ્વર મહાજન, મુકેશકુમાર સિન્હા, સાજીદ દુધાટ, અક્રમ પટેલ, અનિલ સોનવણે, હરીશ ગામીત, શ્યામ કામલે અને સુભાષ ગુપ્તાનો સમાવેશ થાય છે. પોલીસે આ તમામ આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## બારડોલીમાં ચોરીના ઘરેણા વેચવા આંટાફેરા મારતો રીઢો ઘર ફોડિયો ચોર રંગે હાથ ઝડપાયો



બારડોલી- બારડોલીના સ્ટેશનથી અલંકાર સિનેમા સુધીના માર્ગ ઉપર આવેલી જવેલરી શોપમાં ચોરીના દાગીના વેચવા નીકળેલા રીઢા ઘરફોડિયા ચોરને બારડોલી ટાઉન પોલીસની સર્વેલન્સ ટીમે ઝડપી લેતા પલસાણા પોલીસ મથકે નોંધાયેલા ઘરફોડ ચોરીના ગુના નો ભેદ ઉકેલાયો હતો. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

લાલી ત્યાં અળી હતી શર્ટ પહેરેલો એક ઈસમું બારડોલીના રેલવે સ્ટેશન અને અલંકાર સિનેમા વચ્ચે રોડ ઉપર આવેલી સોનીઓની દુકાનમાં ચોરીના દાગીના વેચવાની કોશિશમાં આંટાફેરા મારી રહ્યો છે. બારડોલી ટાઉન પોલીસની સર્વેલન્સ ટીમે તપાસ કરતા તેઓને વર્ણન મુજબનો ઇસમ મળી આવ્યો હતો. પોલીસની કડક પૂછપરછ અને તપાસમાં તેની પાસેથી પલસાણા પોલીસ મથકમાં નોંધાયેલા એક ઘરફોડ ચોરીના વણઉકેલ્યા ગુનાની ચરાયેલી ચાંદીની કડલી, ચાંદીની વીટી તથા સોનાની કડી કુલ કિંમત રૂ.૫૨૦૦ ની મતા મળી આવી હતી. ઝડપાયેલા નિસાર કડિયા રહે.સ જણાતા તેની વિરુદ્ધ ૨૦૨૩ - ૨૪ ( ૫૦ખ૭ ઘરફોડ ચોરી, મંદિરો માં ચોરી, રાત્રિ દરમ્યાન ચોરીના ૮ ગુનાઓમાં ઝડપાયેલો રીઢો ચોર હોવાનું જણાવાયું હતું. પોલીસે આ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## ઉત્રાણમાં વેપારીની આત્મહત્યામાં પત્ની સહિત ૨ આરોપીની ધરપકડ

સુરત- ઉત્રાણના કુર્તીના વેપારીના આત્મહત્યા પ્રકરણમાં પત્ની સહિત ૧૨ લોકો સામે દુષ્પ્રેરણાનો ગુનો નોંધાતા પોલીસે મૃતક વેપારીની પત્ની ૨૪ વર્ષીય શીતલ રાઠવા ( સંજીવની એપાર્ટમેન્ટ, અઠવાગેટ, મૂળ સાગબારા) અને તેના મિત્ર મોહસિન ઉર્ફે ટાઇગર હનિફ મેમણ (ઉ.વ. ૩૬, ગાયત્રીનગર, નવસારી) ની ધરપકડ કરી છે.

મોહસિન મોરિસિયસમાં મરી-મસાલાનો વેપાર કરે છે. આ કેસમાં હજુ ૧૦ આરોપીની ધરપકડ બાકી છે.મૃતક વેપારીની મોપેડની ડિકીમાંથી સ્યૂસાઇડનોટ અને મોબાઇલ મળ્યો હતો. મોબાઇલમાંથી સ્યુસાઇડ પૂર્વે વેપારીએ બનાવેલો વીડિયો મળ્યો છે. જેમાં તેણે પત્ની અને તેના મિત્રોના ત્રાસથી આ પગલું ભરી રહ્યાનો ઉલ્લેખ કર્યો હતો.

શીતલ રાઠવા અને જયદીપ સાટોડિયાએ પ્રેમલગ્ન કર્યા હતા. થોડા સમય બાદથી બંને વચ્ચે ઝઘડા થતા હતા. મૃતકના પિતાની ફરિયાદ મુજબ શીતલ જયદીપને ધાબા પરથી કૂદી જવા અને એટ્રોસિટીના કેસ કરવાની ધમકી આપતી હતી અને તેના મિત્રો સાથે મળી ત્રાસ આપતી હતી. જયદીપેજમી મેના દિવસે ઝેર પી લીધું હતું.

જોઈએ છે..! જોઈએ છે..!



ગુજરાત આત્મીયતા

ગુજરાતી સાપ્તાહિક (સુરત)

માર્કેટીંગ માટે અનુભવી ઉત્સાહી યુવક-યુવતી જોઈએ છે.આકર્ષક પગાર અને કમિશન..

આપની સંસ્થા તથા ધંધા રોજગાર ની જાહેરાત માટે સંપર્ક કરો Whatsapp પર ડિજિટલ પેપર પીડીએફ વાંચવા માટે મિસ કોલ કરો

સમગ્ર ગુજરાતમાં પત્રકાર ની નિમણૂક કરવાની હોવાથી પત્રકાર બનવા માટે સંપર્ક કરો

http://www.gujataatmiyata.in/
9016924808 Himanshu Thakor
himanshuthakor242 Kutumb

ભાડેથી જોઈએ છે
રો હાઉસ , શાસ્ત્રી રોડ બારડોલી



બારડોલી શાસ્ત્રી રોડ, શિશુ મંદિર, સૃષ્ટિ-સ્વર વિલા ની આજુ-બાજુ ની સોસાયટીમાં રો-હાઉસ ભાડેથી જોઈએ છે...

આત્મીય પ્રોપર્ટી બારડોલી
+91-9016924808



કન્ટ્રકશન ના બાંધકામ માટે સંપર્ક કરો...!!!
Mo. 9624532454

ગ્રાઉન્ડ ફ્લોર ની દુકાન વેચવાની છે....!!
૧) બારડોલી-શાસ્ત્રી રોડ ૨) ધામળોદ રોડ
શાસ્ત્રી રોડ પર રો -હાઉસ, બંગલો લેવા માટે સંપર્ક કરો
Mo. 9016924808

OWNER, PRINTER, PUBLISHER & EDITOR- HIMANSHUBHAI KANTILAL THAKOR . PUBLISHED FROM- GUJARAT AATMIYATA (WEEKLY)-SURAT. LIMDA FALIYA, VTC. PALI, PO. HALDHARU, SUB DISTRICT-KAMREJ, SURAT. GUJARAT-394310. PRINTED BY-YASH TRADING, PLOT NO.- 26, KHODIYAR NAGAR, NEAR SHIDDHIVINAYAK MANDIR, BHATENA , SURAT, ( GUJARAT).